અતિ પછાત જાતિ વિકાસ બોર્ડની
રચના બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
(અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ)
ઠરાવ ક્રમાંક–અવક/૧૩૨૦૦૧/ન.બા.–૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૬/૧૨/૨૦૦૧

વંચાણે લીધો :– સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (અનુ.જાતિ કલ્યાણ પ્રભાગ) નો તા. ૨૬/૬/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક–અવક/૧૦૯૮/૨૨૦૧/જ.

ઠરાવ :–

આમુખમાં દર્શાવેલ આ વિભાગના તા. ૨૬/૬/૨૦૦૧ ના ઠરાવથી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડના રોજબરોજના વહીવટ તથા અન્ય કામગીરી માટે જરુરી મહેકમ મંજુર કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપુર્વકની વિચારણા કર્યા બાદ અતિ પછાત જાતિ વિકાસ બોર્ડમાં આ ઠરાવના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનું મહેકમ મંજુર કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

૨/– આ ઉપરાંત ઉકત બોર્ડના અધ્યક્ષશ્રીને વાહનની સગવડ આપવા માટે, અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી તથા બોર્ડના સચિવશ્રીની ચેમ્બર માટે તથા આનુષાંગિક ફરનીચર તથા એક અંગ્રેજી અને એક ગુજરાતી ટાઈપરાઈટરની ખરીદી માટે તથા અન્ય આનુષાંગિક ખર્ચ કરવા માટે પણ આથી મંજુરી આપવામાં આવે છે. આ અંગે જરુરી કાર્યવાહી કરવા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાને આથી જણાવવામાં આવે છે.

૩/– નવા બોર્ડ માટે જયાં આવર્તક ખર્ચ થનાર હોય ત્યાં રાજય સરકારની કરકસરની સૂચનાઓ/નિયમોનુ બોર્ડે પાલન કરવાનુ રહેશે.

૪/- પરિશિષ્ટમાં જણાવેલી ૫(પાંચ) જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે મંજૂર કરવામાં આવે છે. અનુ.નંબર-૧ થી ૪ ની જગ્યાઓ પ્રતિનિયુકિતના ધોરણે ભરવાની રહેરશે. પટાવાળાની જગ્યા માસિક રૂ. ૧૩૫૦/-એકત્રીત વેતન (consolidated pay) થી ભરવાની રહેશે.

૫/- મંજૂર થયેલ ચીજવસ્તુઓની ખરીદી રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ/નિયમોને અનુસરીને જ કરવાની રહેશે.

૬/- ચાલુ વર્ષની બજેટ જોગવાઈ કરતાં ખર્ચ ન વધે અને બજેટ જોગવાઈની મર્યાદામાં ખર્ચ થાય તે જોવાનુ રહેશે.

૭/- બોર્ડના અધ્યક્ષશ્રી માટે નવું વાહન ખરીદતાં પહેલાં વાહન વ્યવહાર વિભાગ ( ગૃહ વિભાગ ) (સરકારી વાહન સેવા)માંથી મેળવવા પ્રથમ પ્રયત્નો કરવાના રહેશે અને જો વાહન ન મળે તો ફાળવાયેલ ગ્રાન્ટની મર્યાદામાં વાહન ખરીદવા રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ જરુરી કાર્યવાહી કરવાની રહેશે.

૮/- બોર્ડના સચિવ તરીકે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨ ની પ્રથમ તબકકે નિમણુંક કરવાની રહેશે. જે બોર્ડની આનુષાંગિક તમામ કાર્યવાહી શરુ કરશે.

૯/- આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર-" માંગણી ક્રમાંક-૯૩-૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનો વિકાસ -૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ - બીસીકે- ૩૯ - અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના અતિ પછાત જાતિ બોર્ડની સ્થાપના " હેઠળ ઉધારવાનો અને તે હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૧૦/- આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની અનુક્રમે.તા. ૨૪/૧૦/૨૦૦૧ અને તા. ૨૯/૧૧/૨૦૦૧ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રમણ આર્ય )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન. મંત્રીશ્રી(સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.

મેનેજીગ ડીરેકટરશ્રી, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

પગાર અને હિસાબી અધિકારી,ગાંધીનગર.

તિજોરી અધિકારી, ગાંધીનગર.

નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર.

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ ગુજરાત રાજય, ગાંધીનગર.

મેનેજીગ ડીરેકટરશ્રી, સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર

નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી,

સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત)

સર્વે જિલ્લા મેનેજર, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ( ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, મારફતે )

સચિવાલયના સર્વે વિભાગો(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સિવાય )

વિભાગની સર્વે શાખાઓ,(જ શાખા સિવાય)

વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.,

શાખા પસંદગી ફાઈલ

નાયબ સે.અ. પસંદગી ફાઈલ

ફા.નં.અવક/૧૦૯૮/૨૨૦૧/જ.

---

વાળદ/જે/

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, (અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ )ના ઠરાવ ક્રમાંક–અવક/૧૩૨૦૦૧/ન.બા.–૨/જ,તા. ૬/૧૨/૨૦૦૧ નું સંધાણ

પરિશિષ્ટ

અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ મંજૂર કરેલ મહેકમની વિગતો

| અ.નં. | જગ્યાનુ નામ | વર્ગ | પગાર ધોરણ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | સમાજ કલ્યાણ અધિકારી | ૨ | ૬૫૦૦–૧૪૦૫૦ | ૧ |
| ૨ | કચેરી અધિક્ષક | ૩ | ૫૫૦૦–૯૦૦૦ | ૧ |
| ૩ | જુનીયર કારકુન | ૩ | ૩૦૫૦–૪૫૯૦ | ૧ |
| ૪ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૩ | ૩૦૫૦–૪૫૯૦ | ૧ |
| ૫ | પટાવાળા | ૪ | ૧૩૫૦(નિયત ) | ૧ |
| | | | કુલ:– | ૫ |